DATE :- 15-05-2026

DIVYA BHASKAR, PAGE-02, SURAT

**સિટી એન્કર** | **ગુજરાત મેટ્રો રેલનો પ્રગતિ રિપોર્ટ: શહેરમાં મેટ્રો પ્રોજેક્ટનું 75% કામ પૂર્ણ**

# ભેસાણથી અડાજણ સુધી સતત 500 કલાક સુધી મેટ્રોનો ટ્રાયલ રન શરૂ, ટેક્નિકલ અને સુરક્ષા સંબંધિત તમામ પરીક્ષણો કરાશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

મેટ્રો લાઇન-2 પર પણ ટ્રાયલ શરૂ કરાઈ છે. ગુરુવારે ટ્રેનને ભેસાણથી અડાજણ સુધી દોડાવવામાં આવી હતી. તંત્રે જણાવ્યું કે પ્રોજેક્ટનું 75 ટકા કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. 12,020 કરોડના ખર્ચે સાકાર થઈ રહેલા આ પ્રોજેક્ટ હેઠળ 2 કોરિડોરમાં 40.35 કિમી લાંબુ મેટ્રો નેટવર્ક બનાવાશે. કોરિડોરમાં 38 મેટ્રો સ્ટેશન તથા બે ડેપો (ડ્રીમ સિટી-ભેસાણ)નો સમાવેશ થાય છે. કોરિડોર-1 (નોર્થ-સાઉથ)માં ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચે 8.5 કિમી રૂટ અને 7 સ્ટેશન પર 29 માર્ચથી ટ્રાયલ રન શરૂ કરાઈ હતી. ગુજરાત મેટ્રો રેલ દ્વારા આ સાથે તકનિકી પરીક્ષણો અને સલામતી તપાસની પ્રક્રિયા પણ ચાલુ છે.



**6.5 કિમી લાંબો કોરિડોર** | કોરિડોર-2ના 6.5 કિલોમીટર લાંબા ભાગ અને 7 સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થયા બાદ ગુરુવારથી 500 કલાકની ટ્રાયલ રન શરૂ કરાઈ છે.

## CMRSની મંજૂરી બાદ સેવા શરૂ થશે

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રારંભિક પરીક્ષણો બાદ RDSO સહિત અન્ય નિયામક સંસ્થાઓ નિરીક્ષણ કરાશે. ત્યારબાદ CMRS (Commissioner of Metro Railway Safety)ના નિરીક્ષણ, મંજૂરી મળ્યા બાદ મેટ્રો સેવા શરૂ થઈ શકશે.